# કચ્છ જિલ્લામાં વિધાસહાયકની સ્પેશીયલ ભરતી

## (ધો. 1 થી 5 ગુજરાતી માધ્યમ) વર્ષ:2025

કચ્છ જિલ્લામાં વિધાસહાયકની સ્પેશીયલ ભરતી - 2025 (ધોરણ 1 થી 5 ગુજરાતી માધ્યમ) તા.08/05/2025ની જાહેરાતના ઉમેદવારો માટે કોલ-લેટર મેળવવા માટેની સૂચના

## બીજો તબક્કો (ધોરણ 1 થી 5)

(1) કચ્છ જિલ્લામાં વિધાસહાયકની સ્પેશીયલ ભરતી વર્ષ 2025 ના નિમ્ન પ્રાથમિક વિભાગ (ધોરણ 1 થી 5) ના ઉમેદવારો તા.30/08/2025 ના રોજ 18:00 કલાકથી મેરીટમાં આવતા ઉમેદવારો વેબસાઇટ ઉપરથી પોતાના કોલ-લેટર ઓનલાઇન મેળવી શકશે.

(2) કચ્છ જિલ્લામાં વિધાસહાયકની સ્પેશીયલ ભરતી વર્ષ 2025 ના નિમ્ન પ્રાથમિક વિભાગ (ધોરણ 1 થી 5) માં જનરલ મેરીટ નંબર 1 થી 3000 સુધીના ઉમેદવારોને જિલ્લા પસંદગી માટે પ્રથમ તબક્કામાં બોલાવેલ હતાં ત્યાર પછીના જનરલ મેરીટ નંબર 3001 પછીના ફાઇનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ તમામ ઉમેદવારો ઓન-લાઇન કોલ-લેટર મેળવી શકશે. આ ઉમેદવારોને તા.02/09/2025 થી તા.03/09/2025 દરમ્યાન જિલ્લા પસંદગી માટે બોલાવેલ છે. જે અંગે તારીખ, સમય અને સ્થળ ઉમેદવારના કોલલેટરમાં દર્શાવેલ છે. પરંતુ જે કેટેગરીમાં જગ્યાઓ પૂર્ણ થઇ ગયેલ છે તે કેટેગરીના ઉમેદવારો કે જેઓ બિન-અનામત તરીકેની પાત્રતા ધરાવતાં નથી તેવા ઉમેદવારોને કોલલેટર આપવામાં આવેલ નથી. જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.

(3) જિલ્લા પસંદગીની કાર્યવાહી માટે ઉમેદવારોએ વેબસાઇટ ઉપરથી જ ઓન-લાઇન કોલ-લેટર મેળવી લેવાના રહેશે. અન્ય કોઇ પ્રકારે કોલ-લેટર મોકલવામાં આવશે નહિ.

(4) આ જાહેરાતમાં દર્શાવેલ દિવ્યાંગ ઉમેદવારોની જગ્યાઓ અનામતની કુલ જગ્યાઓ પૈકીની છે તેથી દિવ્યાંગ ઉમેદવાર જે કેટેગરીના હશે તે કેટેગરીમાં જગ્યાઓ ઉપલબ્ધ હશે તો જ જિલ્લા પસંદગી આપવામાં આવશે. જે સર્વે દિવ્યાંગ ઉમેદવારોએ નોંધ લેવી.

**નોંધ:- ઉમેદવારોએ જિલ્લા પસંદગીની કાર્યવાહી પૂર્ણ થાય અને આ વિધાસહાયક ભરતી પ્રક્રિયા ચાલુ રહે ત્યાં સુધી તમામ ઉમેદવારોએ દરરોજ આ વેબસાઇટ જોવા વિનંતી છે.**